બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં (ગુણ : ૧ |) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું.
ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

(વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, બારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)

પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ <u>બે</u> વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)

☞ નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.

૧. ભગવાનને સર્વ કર્તા-હર્તા સમજવાની આવશ્યકતા (૨/૬-૭)

પ્રમાણ- ૧ : ''કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ-કર્તાહર્તા જાણવા એ જ છે.'' **(વચ. ગ. મ. ૨૧)**

પ્રમાણ- ૨ : ''જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે. પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે... અને જે જીવ ભગવાનને સર્વ-કર્તાહર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો. કાં જે, ભગવાન વિના બીજાં જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે. માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ.'' **(વચ. કા. ૧૦)**

પ્રમાણ - ૩ : ''ભગવાન સર્વના કર્તા-હર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તાહર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે.'' **(વચ. વર. ૨)**

પ્રમાણ - ૪ : ''ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે અને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે.'' **(વચ. ગ. પ્ર. ૬૨)**

પ્રમાણ - ૫ : ''જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે, મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી.'' **(સ્વા. વા. ૧/૮૮)**

૨. પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ : એક અને અદ્વિતીય (૪/૪૪-૪૫)

પ્રમાણ- ૧ : 'एकमेवाद्वितीयं ब्रह्म' 'ભગવાન એક જ અને અદ્વિતીય છે.' **(શ્રુતિ)**

પ્રમાણ- ૨ : ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી.'' **(વચ. લો.૧૩, કા.૮, કા.૧૦)**

પ્રમાણ- ૩ : ''જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી.'' **(વચ. ગ.અં. ૩૯)**

પ્રમાણ- ૪ : ''ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.'' **(વચ. લો. ૪)**

પ્રમાણ- ૫ : 'न तत्समश्चाप्यधिकश्च दृश्यते । તે પરબ્રહ્મની સમાન કે તેથી અધિક કોઈ જણાતું નથી.'' **(શ્વેતાશ્વતર ઉપનિષદ ૬/૮ તથા ભવસંભવસંહિતા ૬૫.૨/૨૪)**

૩. **સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક (૪/૨૮-૨૯)**

પ્રમાણ- ૧ : ''જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે.'' **(વચ.ગ.પ્ર.૫૬)**

પ્રમાણ- ૨ : ''જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવને જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.'' **(વચ. ગ.મ.૧૩)**

પ્રમાણ- ૩ : ''મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.'' **(સ્વા.વા. ૩/૧૨)**

પ્રમાણ- ૪ : ''જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ **ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.** અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને **બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."** **(વચ. ગ.મ.૯)**

૪. **પ્રગટ ભક્તિનો મહિમા (૫/૬૭-૬૯)**

પ્રમાણ- ૧ : ''આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાન સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'' **(વચ. વર. ૧૯)**

પ્રમાણ- ૨ : ''પ્રત્યક્ષ ભગવાનના કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દ્રઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.'' **(વચ. ગ.મ. ૧૦)**

પ્રમાણ- ૩ : કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે,
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે ...
પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગણિકા કપિવૃંદ કોટી,
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી,
પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારુ. **(મુક્તાનંદ સ્વામી)**

પ્રમાણ- ૪ : મોટે ભાગ્યે ભેટે ભગતિ, પ્રગટ પ્રભુ પરમાણની
તેહ વિનાની જે ભગતિ, તે તો મત મમતના તાણની. **(નિ.કા. સારસિધ્ધિ. ૨૨)**

પ્રમાણ- ૫ : એમ પ્રગટ ભક્તિ સહુ ઉપરે, એથી ઉપરાંત નથી કાંઈ,
નિષ્કુળાનંદ નિશ્ચે વારતા, સૌને સમજવી મનમાંઈ **(નિ.કા. ભક્તિનિધિ ૧૫)**

પ્રમાણ- ૬ : ''પ્રગટ સ્વરૂપ ઉપાસી, ધન્ય સો પ્રગટ સ્વરૂપ ઉપાસી.'' **સદ્. બ્રહ્માનંદ સ્વામી**

પ્રમાણ- ૭ : ''ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'પ્રગટ ભગવાન છે, પ્રગટ વાતું છે ને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે.'' **(સ્વા.વા. ૫/૬૪)**

પ્રમાણ- ૯ : ''પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઈ નથી ઈચ્છતો તેને તો ભગવાન પોતે બલાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે.'' **(વચ. ગ.પ્ર. ૯)**

પ્રમાણ- ૧૦ : ''ભગવાન જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ તેની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થને ઇચ્છે નહિ તેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય જો થોડાં હોય તો પણ એ દેહ મૂકીને ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે.'' **(વચ. ગ. અં. ૫)**

પ્રમાણ- ૧૧ : ''ઈન્દ્રે વિશ્વરૂપને માર્યો તેની ચાર હત્યા લાગી. પછી નારદજી તેને મળ્યા તેણે કહ્યું જે તારા ભાઈ વામનજી છે તે ભગવાનનો અવતાર છે માટે તેનો તું આશરો કર. પછી ઈંદ્રે વામનજીનો નિશ્ચય કર્યો. તેણે કરીને બ્રહ્મહત્યા ટળી ગઈ. એમ પ્રગટનો આશરો કરવાથી કામ થાય છે.'' **(સ્વા.વા. ૧/૨૯૩)**

પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)

૧. मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते ।'' (૬/૧૧૪)

જ. **સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર શાથી ? : શાસ્ત્રોનાં પ્રમાણો**

૨. આ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે. લગારે ફેર નથી. (૬/૧૨૫)

જ. **સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહેલો પોતાનો અસાધારણ મહિમા**

૩. यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।'' (૫/૯૧)

જ. **ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રોમાં**

૪. પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ તેની મૂર્તિને વિષે સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગભાગ સમજવો નહિ. (૩/૧૮)

જ. **દિવ્યભાવ**

૫. ''પરોક્ષથી ભવ તણો પાર આવે નહિ....'' (૫/૭૫)

જ. પ્રગટને ઓળખ્યા વગર કસર

પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)

☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૧, ૨ (૨/૪-૫) **૨.** ૧ (૬/૧૧૩)

પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)

☞ નોંધ : પ્રસંગના ૩ ગુણ ને સિદ્ધાંતનો ૧ ગુણ

૧. માલજી સોનીને ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ થઈ. (૬/૧૨૬-૧૨૭) ગુણાતીતાનંદ સ્વામી એક વખત ચૈત્રી પૂનમના સમૈયે વરતાલ પધાર્યા હતા. બન્ને દેશના આચાર્યો તથા મોટા સદ્‌ગુરુઓ આ સમૈયામાં ભેગા થયા હતા. તે વખતે સભામાં સંતપંક્તિમાં પાટ ઉપર મોટા સદ્‌ગુરુઓ બેઠા હતા. પ્રથમ ગોપાળાનંદ સ્વામી પછી નિત્યાનંદ સ્વામી, શુકસ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. તે વખતે ગોપાળાનંદ સ્વામીને વિષે હેતવાળા ભોંયકાના હરિભક્ત માલજી સોનીને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'મેં તને કહ્યું હતું ને કે હું તને અક્ષરધામ બતાવીશ. **આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે.** મહારાજે ઘણી વખત તેમને અક્ષરધામ તરીકે ઓળખાવ્યા છે. માટે તું ઓળખી લે !' સત્સંગમાં કર્ણોપકર્ણ અને પરંપરાથી ચાલી આવતી આ વાતની સત્યતાની ખાતરી કરવા શાસ્ત્રીજી મહારાજ પોતે ભોયકા ગયા હતા અને માલજી સોનીના સ્વમુખેથી આ વાત તેમણે સાંભળી હતી. તે પછી યોગીજી મહારાજ અને બીજા સંત-હરિભક્તોને પણ ત્યાં લઈ જઈ તેમના મુખે વાત કહી સંભળાવી હતી. (શાસ્ત્રીજી મહારાજના રેકોર્ડ કરેલા પ્રવચનમાં આનો ઉલ્લેખ છે.)

સિધ્ધાંત : ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામની ઓળખાણ હતી તેથી જ માલજી સોનીને ઓળખાણ કરાવી શક્યા. માલજી સોનીને પણ ગોપાળાનંદ સ્વામીમાં હેત અને વિશ્વાસ હતો તેથી તેમને સ્વામીની વાત સત્ય મનાઈ અને અક્ષરધામની ઓળખાણ થઈ.

૨. અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે. (૬/૧૧૮) ગઢડામાં ઘેલામાં સ્નાન કરતાં સ્વામીનો એક પગ ભેખડમાં ભરાઈ ગયો. કેમેય પગ નીકળે નહિ. મહારાજે દર્શન દઈ ધીરેથી પગ કાઢવા કહ્યું. તે વખતે અક્ષર ઓરડીમાં પણ મહારાજ બોલી રહ્યા હતા : ''અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.'' મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું : ''મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર બેઠા છો, તો પગ કેમ ભાંગશે ?'' મહારાજ હસતાં બોલ્યા : ''**અમારું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી,** તેનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયો હતો તે માંડ કાઢ્યો. આમ મહારાજ અને સ્વામીને એકાત્મપણું હતું. **સિદ્ધાંત :** પરબ્રહ્મ જ બ્રહ્મની ઓળખ આપી શકે. બ્રહ્મ અને પરબ્રહ્મને એકતા છે. શરીર-શરીરીભાવ છે. તે આ પ્રસંગ પરથી ફલીત થાય છે.

૩. વાઘા ખાચરની નિરાવરણ દૃષ્ટિ (૬/૧૨૩) સારંગપુરના વાઘાખાચર કારણ દેહના ભાવ ટાળવા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. જૂનાગઢ આવતાં રસ્તામાં ભગતજીએ તેમને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એવી વાત કરી. પણ તેમને આ રુચ્યું નહિ. જૂનાગઢમાં એક વખત સ્વામીશ્રીની આજ્ઞાથી સર્વે હરિભક્તો મંદિરની વાડીએ પથ્થર તથા નાના કાંકરા વીણી વાડી ચોખ્ખી કરતા હતા. ત્યાં સર્વેને અલમસ્ત રીતે આનંદમાં જોઈને વાઘાખાચરે મહુવાના દામા શેઠને પૂછ્યું, 'આ બધાને આનંદ આવે છે એવો આનંદ મને કેમ નથી આવતો ?' ત્યારે દામા શેઠે કહ્યું, 'તમે આ પ્રાગજી ભક્ત કહે છે તેમાં વિશ્વાસ લાવીને સ્વામીને મૂળ અક્ષર છે એમ સમજો તો તમને પણ આનંદ થાય.' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી પંડે કહે તો હું માનું.' થોડી વાર પછી ભગતજી મહારાજે સ્વામીને વૃત્તિ દ્વારા ખેંચ્યા અને સ્વામી ત્યાં આવ્યા ત્યારે વાઘા ખાચરે પૂછ્યું 'સ્વામી ! આ પ્રાગજી ભક્ત કહે છે કે સ્વામી આપ મૂળ અક્ષર છે, તે વાતનું નિરાકરણ કરી આપો.' ત્યારે સ્વામી કહે : 'પ્રાગજી કહે છે તેમ જ છે. તે સાંભળીને વાઘાખાચરે પૂછ્યું : 'સ્વામી તમે પંડે અક્ષર ?' ત્યારે સ્વામીએ હા પાડી. આથી વાઘાખાચરને સ્વામી મૂળ અક્ષર છે તે વાતની પ્રતીતિ થતાં જ નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ અને પરમ આનંદ થયો.

સિદ્ધાંત : અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખવું તે ખૂબ કઠણ વાત છે. તે અક્ષરબ્રહ્મની પોતાની અનહદ કૃપા હોય ત્યારે જ મુમુક્ષુ આ સ્વરૂપને ઓળખી શકે છે.

પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)

☞ નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.

૧. પ્રગટપણું એક જ દ્વારા (૫/૭૯-૮૨) ભગવાન જેમના દ્વારા સમ્યક્‌પણે પ્રગટ છે તેવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીત સંત અખંડ પૃથ્વી પર વિચરે છે એ જ અનંત જીવોને માટે મોક્ષનું દ્વાર છે અને તે એક જ હોય. ભગવાનનું પ્રગટપણું અક્ષરબ્રહ્મ દ્વારા જ છે. અને અનાદિ **અક્ષરબ્રહ્મ એક જ છે, તેથી ભગવાનનું પ્રગટપણું પણ એક જ દ્વારા હોય તે સ્વાભાવિક છે.** એક કરતાં વધારે ભગવાન હોય તો શું પરિસ્થિતિ થાય તેનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, 'ભગવાન ઘણાક થાય ત્યારે જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે, એક ભગવાન કહેશે, હું જગતની ઉત્પત્તિ કરીશ. અને બીજો કહેશે, હું જગતનો પ્રલય કરીશ. અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ અને બીજો કહેશે, હું નહી કરું. ને એક કહેશે, હું માણસના ધર્મ પશુમાં કરીશ. અને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ એવી રીતે સ્થિતિ ન રહે અને આ તો જુવોને, જગતમાં કેવી રીતે બરાબર અદલ પ્રમાણે

સર્વત્ર ક્રિયાની પ્રવૃત્તિ થાય છે. પણ તલભાર ફેર પડતો નથી. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને સર્વના સ્વામી એક જ ભગવાન છે.' **(વચ. ગ.અં. ૩૯)** તેવી જ રીતે એક કરતાં વધારે સંતો દ્વારા જો ભગવાન પ્રગટ રહેતા હોય તો આત્યાંતિક કલ્યાણની અવ્યવસ્થા ઉભી થાય. જેમ રાજાને એકથી વધુ પુત્રો હોય છતાં ગાદીનો વારસદાર તો એક જ ગુણિયલ સમર્થ પુત્ર જ હોઈ શકે. એક જ ગાદી પર બધાં સંતાનો રાજા ન થઈ શકે. તેમ પ્રગટપણાની ગાદીમાં એકી સાથે અનેક ન હોઈ શકે. સદ્‌ગુણોથી વિભૂષિત ઘણાં સંતો-ભક્તો હોય તે સંપ્રદાયની શોભા છે. પણ ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોનું ધારક સ્વરૂપ એક જ હોય. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે : 'બીજા ગુણવાન તો ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ, નિષ્કુલાનંદ એવા સંત સંબંધે, અનંતના પાપ બળેલ.' (સદ્. નિષ્કુળાનંદ કાવ્ય - સારસિદ્ધિ ૩૮/૧૦) અહીં સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિના મળેલ' એમ લખ્યું છે. શ્રીજીમહારાજે પણ **(વચ.વર. ૧૦ અને જેતલપુર-૧)** વચનામૃતમાં 'ભગવાનના મળેલ' એવા જે શબ્દો વાપર્યા છે, તો ભગવાનના મળેલ એટલે શું? શ્રીજીમહારાજના મળેલા પાંચસો પરમહંસો હતા. તો શું સર્વે થકી આત્યંતિક કલ્યાણની વાત કહી છે ? વળી આ પરમહંસો તથા હરિભક્તો સામાન્ય ન હતા. અગતરાયના પર્વતભાઈ, ગઢડાના દાદાખાચર, નેનપુરના દેવજીભક્ત વગેરે માળાના મણકા જેવા હરિભક્ત શ્રીજીમહારાજને મળેલા હતા. સંતોમાં પણ સાધુતાનું મૂર્તિમાન સ્વરૂપ અને સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામી, મહાન અષ્ટાંગ યોગી ગોપાળાનંદ સ્વામી, પ્રખર વિદ્વાન નિત્યાનંદ સ્વામી, અદ્‌ભૂત કવિત્વશક્તિવાળા વ્યવહારદક્ષ બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી, ત્યાગ-વૈરાગ્યનું મૂર્તિમાન સ્વરૂપ નિષ્કુળાનંદ સ્વામી, મરતાને જીવતા કરે એવા વ્યાપકાનંદ સ્વામી, ઈન્દ્રને પડકારીને વરસાદ વરસાવે એવા સચ્ચિદાનંદ સ્વામી, નરકના કુંડ ખાલી કરાવી શકે એવા સ્વરૂપાનંદ સ્વામી, સ્વદેહે બદરિકાશ્રમમાં આવ-જા કરનાર સમાધિવાળા સંતદાસ આવા અનેક ગુણો અને સામર્થિએ યુક્ત પરમહંસો શ્રીજીમહારાજને મળેલા હતા. 'હરિને મળેલ' એટલે આ લાખો હરિભક્તો અને પાંચસો પરમહંસો દ્વારા આત્યંતિક કલ્યાણ કે બ્રહ્મરૂપ થવાની વાત નથી. અને જો સ્થૂળ રીતે જોઈએ તો શ્રીજીમહારાજને મળેલા હોય તેટલા જ સંતો હરિભક્તો દ્વારા આત્યાંતિક કલ્યાણની વાત હોય તો તેમના પછી કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય, પણ એ શ્રીજીમહારાજને અભિપ્રેત નથી. શ્રીજીમહારાજને તો અનંત જીવો માટે આત્યંતિક કલ્યાણનો પંથ હંમેશા ચાલુ રાખવો છે. તો 'હરિના મળેલ' એટલે ફક્ત શ્રીજીમહારાજની હયાતીના જ હોય એ અર્થ અભિપ્રેત નથી, પણ 'હરિના મળેલ' એટલે શ્રીહરિ સાથે અપૃથકસિદ્ધ સંબંધથી જોડાયેલ. એવો સંબંધ અક્ષરબ્રહ્મને જ છે. બીજા કોઈને નથી. અક્ષરબ્રહ્મ એક જ છે. તો તે દ્વારા પ્રગટપણું પણ એકસ્વરૂપે જ હોય તે સ્પષ્ટ છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં કહ્યું છે 'જે સમયમાં જેને હાથ ક્લ્યાણ કરવાનું સોંપ્યુ હોય તેનાથી કલ્યાણ થાય, જેમ પરીક્ષિતને શાપ થયો ત્યારે વ્યાસજી આદિ ઘણા મોટા હતા પણ શુકજી આવ્યા ત્યારે કલ્યાણ થયું.' **(સ્વા.વા. ૪/૪૮)** અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ અમદાવાદમાં કેશવપ્રસાદજી મહારાજને કહ્યું હતું કે 'જેમ તમારા પિતાએ ખજાનાની કુંચીઓ તમને આપી છે તેમ સ્વામિનારાયણે કલ્યાણની કુંચી અમને સોંપી છે. પાંચસો પરમહંસોમાંથી ફક્ત એક જ ગુણાતીતાનંદ સ્વામીને સોંપેલ કલ્યાણની કુંચી આજ પર્યંત ગુણાતીત ગુરુપરંપરામાં જળવાયેલ છે. જેમના થકી આત્યંતિક કલ્યાણની પ્રતીતિ થતી હોય અને અનંત જીવો જેમના સંબંધે બ્રહ્મરૂપ થઈને અક્ષરધામના અધિકારી થતા હોય તેવો ગુરુપરંપરાનો જીવતો જાગતો વેલો અન્ય કોઈ પરમહંસનો આજ પર્યંત જળવાયેલો નથી. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં અને પછી પણ આ સંપ્રદાયનો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે સાધુતાવાળા, અલૌકિક સ્થિતિવાળા, ઐશ્વર્યયુક્ત સંતો એકી સાથે ઘણા વિચરતા હતા છતાં શ્રીજીમહારાજના અખંડ ધારક અને મોક્ષના દ્વારરૂપ એવું સ્વરૂપ સર્વકાળે એક જ રહ્યું છે. અને બીજા મોટા મોટા તેમનામાં જોડાયા છે અને પોતાના હેતવાળાને પણ તેમાં જોડ્યા છે. વળી, આપણી ગુરુપરંપરામાં જે વખતે જે ગુણાતીત સ્વરૂપ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ હતા, તેમનાં જીવન અને કાર્યો પણ એ વાતની સાક્ષી પૂરે છે કે તેઓ અદ્વિતીય સત્પુરુષો હતા. કેટલાક અક્ષર અને પુરુષોત્તમ બંને સ્વરૂપો આ પૃથ્વી ઉપર પ્રગટ વિચરે છે તેમ માને છે. પણ શ્રીજીમહારાજે ઉદ્‌બોધેલ તત્ત્વજ્ઞાન અનુસાર શ્રીજીમહારાજ ગુણાતીત દ્વારા જ પ્રગટ રહે છે. પણ એકવાર અંતર્ધાન થયા પછી પણ વારંવાર અક્ષરબ્રહ્મ સાથે પ્રગટ થતા નથી. પણ અક્ષરબ્રહ્મ દ્વારા જ પ્રગટ રહીને અનંત જીવોનું કલ્યાણ કરે છે. આમ શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી આજ સુધી તેમનું પ્રગટપણું એક જ ગુણાતીત સંત દ્વારા રહ્યું છે. અને ભવિષ્યમાં પણ એક જ દ્વારા રહેશે તે શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય છે. જેમને જે વખતે જે પ્રગટ સ્વરૂપ મળે તેમને તે સ્વરૂપને વિષે પતિવ્રતાની ટેક રાખવાની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ.'' **(ગ. અં. ૧૬)**

૨. 'સ્વામી અક્ષર છે.' : જીવન અને કાર્યને આધારે (૬/૧૩૭-૧૪૦) ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અને કાર્ય શ્રીજીમહારાજના બીજા કોઈપણ પરમહંસોનાં કે ભક્તોનાં જીવન અને કાર્યની તુલનામાં શ્રેષ્ઠ અને સર્વોપરી છે, તે તેમના જીવનના અનેક પ્રસંગથી દેખાય છે. (૧) બાલ્યકાળથી જ સ્વામી મહારાજને અખંડ દેખતા. ચાર વર્ષની ઉંમરે તેમણે તેમનાં માતાને કહ્યું કે 'મા ! આજે જનોઈનાં ગીત ગાઓ. અયોધ્યામાં ભગવાનને આજે જનોઈ દેવાય છે.' (૨) ઘનશ્યામ વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે તેમણે માતાને કહ્યું કે 'મા ! આજે ધામના ધણી વનવિચરણ કરવા નીકળ્યા છે.' (૩) મહેમદાવાદમાં બ્રહ્મના મિથ્યાજ્ઞાનથી ઉન્મત બનેલા વિદ્વાનોનો તેમણે પોતાના ઐશ્વર્યથી પરાભવ કર્યો. (૪) તેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના અસાધારણ સામર્થ્યથી અનેક ચમત્કારો બતાવીને કેટલાયના અસાધ્ય રોગ દૂર કર્યા. ઘણાને નવું જીવન અર્પ્યું. કેટલાયને મહાકષ્ટોમાંથી મુક્ત કર્યા હતા. ઘણાને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યાં હતાં. (૫) માણસાના વાલેરો વરુ, લીલાખાના મુંજો સુરુ, કામરોળના દરબાર દાજીભાઈ વગેરે અનેક પાપી આસુરી જીવોનું પરિવર્તન કરીને તેઓને સ્વામીએ સત્સંગી કર્યા હતા. (૬) સ્વામીએ પોતાના આશ્રિત સાધુઓમાં

શ્રીજીએ સ્થાપેલ ધન-સ્ત્રીના ત્યાગની મર્યાદા દૃઢ પળાવી હતી અને પોતાના આશ્રિત હરિભક્તો પણ પંચવર્તમાને યુક્ત, પંચવિષયથી અલિપ્ત આદર્શ જીવન જીવતા હતા. શિરસાટે સત્સંગ રાખે તેવા આદર્શ ભક્તો તેમણે કર્યા હતા. (૭) સ્વામીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા અનેક સાધુ હરિભક્તોને પોતાના અક્ષરપણાનો અનુભવ કરાવી શુદ્ધ બ્રહ્મસ્થિતિ કરાવી, મહારાજમાં જોડ્યા હતા. તેમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાળમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, કૃષ્ણજી અદા, બોટાદના શિવલાલ શેઠ, વસોના વાઘજીભાઈ, વણથલીના કલ્યાણભાઈ, બગસરાના વેલો સથવારો, કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, ઉપલેટાના લાલાભાઈ, અરજણભાઈ વગેરે હતા. (૮) સ્વામીની વાતોમાં સ્વરૂપનિષ્ઠા, બળ, માહાત્મ્ય અને શૂરવીરતાના જેવા પડકારા છે એવા બીજા સદ્‌ગુરુઓની વાતોમાં મળતા નથી. તેમણે જ્યાં જ્યાં સત્સંગ કરાવ્યો ત્યાં શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠા કરાવી અને બીજા અવતારો, દેવ-દેવીઓ, મંત્ર-જંત્ર, દોરા, ધાગાનો ભાર રહેવા દીધો નહિ. (૯) વળી, સ્વામીએ હરિલીલાકલ્પતરુ જેવો વિદ્વતાપૂર્ણ ગ્રંથ રચાવી, સર્વોપરી નિષ્ઠા અને સત્સંગ સાહિત્યની અપૂર્વ પુષ્ટિ કરાવી. (૧૦) જૂનાગઢ મંદિરોનો વ્યવહાર અપૂર્વ વ્યવસ્થાશક્તિથી કરવા છતાં તેમણે કદી ખરડો કર્યો ન હતો. તેમનો સિદ્ધાંત શ્રીજીની નિષ્ઠા દૃઢ કરાવવાનો હતો. એ થયા પછી હરિભક્તો વાપરે ક્યાં ? નિષ્ઠા દૃઢ થયા પછી મહારાજ, સ્વામી અને મંદિરો માટે સર્વસ્વ આપનાર હરિભક્તો તૈયાર થયા હતા. એટલે તો ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું, 'મહારાજ ! આ જૂનાગઢની ખેંગારવાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સમજાવ્યો છે.' (૧૧) મંદિરનો મોટો વ્યવહાર, સતત ચાલુ રહેતાં કારખાનાં વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિ હોવા છતાં સ્વામીએ કથાવાર્તા ક્યારેય ગૌણ પાડી નથી. સતત કથાવાર્તાનો અખાડો ચાલુ રાખ્યો. (૧૨) ગુણાતીતાનંદ સ્વામીના વિશિષ્ટ વ્યક્તિત્વમાં સાધુતાની પરાકાષ્ઠા, શ્રીજીમહારાજ વિષેની પરાભક્તિની ઉત્કૃષ્ટતા, પંચવર્તમાનની દૃઢતા, શ્રીજીમહારાજના પડ્યા બોલ ઝીલવાની તત્પરતા અને નિષ્ઠા કે નિયમધર્મમાં કોઈપણ મહોબત કે બીક રાખ્યા વગર નીડરતાથી સાચી વાત કરવામાં સ્પષ્ટવક્તાપણું, અનેક માન-અપમાનના પ્રસંગોમાં સ્થિતપ્રજ્ઞતા જેવા અનેક વિશેષ ગુણો હતા. (૧૩) સૌથી વિશેષ તો તેમની શિષ્યપરંપરામાં બ્રાહ્મીસ્થિતિ આજ પર્યંત ચાલી આવે છે. જ્યારે બીજે એવી ઉજ્જવળ શિષ્યપરંપરા દેખાતી નથી. આ રીતે તેમનું જીવન, કાર્ય અને ઉપદેશ જોતાં તેઓ શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર, ધામરૂપ મૂળ અક્ષર અને ઉત્તમ અદ્વિતીય ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા. તેથી જ જીવમાત્રને બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અનિવાર્ય આદર્શ છે.

૩. **શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : 'સ્વામીની વાતું'ને આધારે'** (૪/૩૪-૩૮) પોતાના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા જીવોને દૃઢ કરાવવા માટે જ શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ પાર્ષદો સાથે લાવ્યા હતા. **(વચ.ગ.પ્ર. ૭૧)** શ્રીજીમહારાજના શબ્દો 'જેવા પોતે અક્ષરમાં છે તેવા પ્રકૃતિ પુરુષાદિકમાં નથી.' એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જેવો અને જેટલો મહારાજનો મહિમા કહી શકે, તેવો અને તેટલો મહિમા બીજા કોઈ કહી શકે નહી. આ વાતની પ્રતીતિ તેમની વાતોના બળભર્યા, કેસરી સિંહના નાદ સમા શબ્દોના પડછંદા સાંભળવાથી થાય છે. તેમની વાતોના શબ્દે શબ્દ શ્રીજીમહારાજનાં સર્વોત્કૃષ્ટ ભાવનું સ્પષ્ટ નિરૂપણ કરે છે. તેમને બીક કે શાસ્ત્રની તંતી નડી નહિ. તેમણે તો નિર્ભયપણે આ વાતનું જોરશોરથી પ્રતિપાદન કર્યું. તેમને કોઈ પૂછે કે શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વાતો તો શાસ્ત્રોમાં નથી, તો તેઓ કહેતા કે શાસ્ત્રમાં આ વાત ક્યાંથી હોય ? જન્મ થયા મોર શાદી(લગ્ન) કયાંથી લખાય ? તેમ પુરૂષોત્તમ (આ બ્રહ્માંડમાં) આવ્યા નહોતા એટલે તેમની વાત શાસ્ત્રમાં ક્યાંથી લખાણી હોય ? (સ્વા.વા. ૫/૩૯૯) શ્રીજીમહારાજ આ પહેલાં આ લોકમાં પધાર્યા જ ન હતા, તો તેમની વાત શાસ્ત્રમાં મળે જ કેમ ? પોતાની વાતોનો મહિમા પોતે જ પરભાવમાં આવીને કહે છે : 'આ વાતું તો ખમીયાળાના તીર જેવી છે.' 'અંગ્રેજના લોઢા જેવી,' અડતામાં અળગું કરે એવી..' 'અનંત સંશયોને છેદનારી,' 'ભગવાન પુરુષોત્તમની વાતું છે.' તેથી જૂનાગઢમાં સ્વામીની અનરાધાર વાતુંના પડકારાથી આનંદિત થઈ ગોપાળાનંદ સ્વામી બોલી ઊઠ્યા હતા : 'વરતાલમાં ચાર આની, ગઢડામાં આઠ આની વાતો થાય છે, પણ પેટ ભરીને પૂરેપૂરી (ભગવાનના મહિમાની) વાતો તો જૂનાગઢમાં જ થાય છે.' (૧) આજ તો પુરૂષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે. તે ભેળા અનંત ધામના ભગવાન તેમના મુક્તે સહિત આવ્યા છે. તે શા સારું, તો પોતપોતાની ખોટ કાઢવા ને પુરૂષોત્તમનું સ્વરૂપ સમજવા આંહીં આવ્યા છે. **(સ્વા.વા. ૩/૪૧)** (૨) બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, **મહારાજને પુરૂષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા. (સ્વા.વા. ૩/૩૮)** (૩) ''મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.'' ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો છે જે, પુરૂષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ? ત્યારે કહ્યું જે, મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. **(સ્વા.વા. ૩/૧૨)** (૪) અવતારમાત્ર તો ચમકપાણ જેવા છે. તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દસ મણ જેવા છે... ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાના લોઢાને તાણે. ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે, નહિ તો બધું બ્રહ્માંડ તણાય કેમ ? એમ વાત કરીને બોલ્યા જે પૂર્વના અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાય છે. આજ તો સર્વ અવતારના અવતારીને સર્વ કારણના કારણ એવા જે પુરૂષોત્તમ તે જ પધાર્યા છે ને તેને જોઈને તો અનંત ધામના પતિ, તે ધામના મુક્ત, તે મહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા, જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ. **(સ્વા.વા. ૩/૪) (૫)** વાદી, ફૂલવાદી ને ગારડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલ્યા કરે. એ તો

દૃષ્ટાંત છે. એનું સિદ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે. તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે. ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરૂષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. **(સ્વા.વા. ૩/૫)** (૬) પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? **(સ્વા.વા. ૩/૭૨)** (૭) એમ તો પહેલાં ગણેશને પ્રભુ કહે છે, બ્રહ્મા, વિષ્ણુ ને શિવને કહે છે. અનિરૂધ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહે છે. ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, બ્રહ્માની પણ કોટિયું ને કોટિયું છે. એ સૌનાં કારણ તો મહારાજ પોતે એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કહેવાય ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત એ સર્વેના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઈ રહ્યું. **(સ્વા.વા. ૬/૨૫૪)** (૮) પુરૂષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભકતમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વિયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિયાય ત્યારે તેને લીખ આવે એમ ભેદ છે. **(સ્વા.વા. ૨/૧૦૭)** (૯) શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે. ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈએ ત્યાગી નથી. ને આજ તો હજારો બાઈયું ત્યાગ કરે છે, ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા છે. તે શાસ્ત્રમાં લખ્યું છે. ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે, ને બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે ને પુરૂષોત્તમ તો ચિંતામણિ છે. **(સ્વા.વા. ૨/૧૬૯)** **(૧૦)** આ ઉપરાંત અનેક પ્રસંગે સ્વામીએ વાતો કરતાં અવતાર અવતારીનો ભેદ સમજાવતાં કહ્યું છે : તીર અને તીરનો નાખનારો જેમ જુદા છે, તીરનો નાખનાર તીરનું કારણ છે તેમ સમજવું. પણ ભવાયો જેમ જુદા જુદા વેશ કાઢે છે. તેમ અવતાર-અવતારીનો ભેદ નથી. વળી, જેમ ચક્રવર્તી રાજા અને ખંડિયા રાજા વચ્ચે ભેદ છે, તેમ અવતારના અવતારીનો ભેદ સમજવો. પણ અવતાર બધા સરખા ને સાધુ બધા સરખા એ સમજણ તો શાસ્ત્ર વિરુદ્ધ છે. **(૧૧)** એક થી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે ને એક કેસરી સિંહ બોલે તે બધાયના અંતર ભેદાઈ જાય ને હાથીનાં કુંભસ્થળ ફાટી જાય, તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી ભજીને એવા થયા છે, એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીનાં કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે. **(સ્વા.વા. ૫/૧૯૭)**

૪. સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ (૨/૫-૬) સર્વ-કર્તાહર્તા જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે તે શ્રીજીમહારાજ પોતે જ છે, તે પ્રકારની સ્પષ્ટતા શ્રીજીમહારાજે પોતે જ ઘણાં વચનામૃતોમાં તેમજ અન્ય ગ્રંથોમાં 'એ જ આ પ્રત્યક્ષ' પ્રગટ પ્રમાણ 'તમારા સર્વેના નયનગોચર' 'તમારા ઈષ્ટદેવ' વગેરે શબ્દો વાપરીને કરી છે. તેમાંથી થોડાંક અવતરણો જોઈએ : ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. **(વચ.ગ.અં. ૩૫)** સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે અને વળી, હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. **(વચ.અમ. ૭)** ભક્તચિંતામણિમાં શ્રીજીમહારાજ કહે છે :

વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે, સુખદુઃખ વળી જયપરાજય, યત્કિંચિત્ જે કહેવાય છે.
જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી, જુઓ સર્વ જકતમાં, કોણ શકે છે ફેલ આચરી
તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર, જે જે થાય છે જકતમાં, તેનો બીજો નથી કરનાર. **(ભ.ચિં. પ્ર. ૭૬)**
મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ, મારી દૃષ્ટિએ જકત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ. **(ભ. ચિં. પ્ર. ૬૮)**

ઓરડાના કીર્તનમાં પણ પોતાના કર્તાપણાની વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે. :

જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન, સૌને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય, મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. **(સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી)**

પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)

☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.

૧. વડતાલ હનુમાનવાળા દરવાજે મહારાજને પરસેવો થવા લાગ્યો. (૬/૧૧૬-૧૧૭) વડતાલમાં માંદા સાધુની ગોદડીઓ ગોમતીમાં ધોઈને સ્વામી આવતા હતા. મહારાજ વાસણ સુથારને ત્યાંથી જમીને આવતા હતા. હનુમાનવાળા દરવાજે મહારાજ અને સ્વામી ભેગા થયા ત્યારે સ્વામીએ વૃત્તિથી મહારાજની મૂર્તિ પકડી લીધી. અઢાર ગોદડીઓના ભારથી સ્વામી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. મહારાજને પણ પરસેવો થવા લાગ્યો. થોડી ક્ષણ પછી મહારાજે સ્વામીની રજા માંગી : ''સાધુરામ, ચાલશું હવે ?'' ત્યારે સ્વામીએ કહ્યું : ''મહારાજ ! પધારો.'' સભામાં આવી મહારાજે કહ્યું : ''અમારે શરીરે બહુ ભાર લાગ્યો છે એટલે પરસેવો થાય છે.'' તેથી ભગુજી તથા બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું : ''ઓલ્યા સાધુના ખભા ઉપરથી ગોદડીઓ ઉતારી લો તો અમારો ભાર હળવો થશે.'' તેથી ભગુજીએ બધી ગોદડીઓ સ્વામીના ખભા ઉપરથી લઈ લીધી. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવીને મહારાજે કહ્યું : ''સાણસામાં જેમ સાપ પકડે, તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં આ સાધુએ ઝાલી રાખી છે. (અર્થાત્ અમારી મૂર્તિને અખંડ દેખે છે.) એ અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. સર્વ થકી શ્રેષ્ઠ છે અને મોટા મોટાઓને પણ સમાગમ કરવા યોગ્ય છે.

૨. કેશવજીવનદાસને ધોળાં પહેરાવ્યાં. (૬/૧૨૧-૧૨૨) હિન્દુસ્તાની સાધુ કેશવજીવનદાસજીને ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરનો અવતાર છે તેવી ઓળખાણ કરાવી. તેમને જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા મોકલ્યા હતા. ત્યાં અક્ષર વિષે જુદી જુદી વાત સાંભળીને તેમને મૂંઝવણ થઈ. તેથી એક દિવસ તેમણે ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું 'સ્વામી ! મને તો ગોપાળાનંદ સ્વામીએ આપ અક્ષર છો' એમ સમજાવ્યું છે વળી 'પ્રાગજી ભક્ત, અને જાગાભક્ત પણ આપને અક્ષર કહે છે. તો કોઈ બ્રહ્મમુનિને અક્ષર કહે છે, તો કોઈ મૂળજી બ્રહ્મચારીને મૂળ અક્ષરબ્રહ્મ કહે છે. માટે સાચું શું છે ? સ્વામી મને આપનો વિશ્વાસ છે. માટે આનો ખુલાસો કરો. ત્યારે સ્વામીએ કહ્યું : 'તને મારો વિશ્વાસ છે તો તું મને અક્ષર માન. હું જ મૂર્તિમાન અક્ષર છું. બીજો કોઈ અક્ષર હોવાનો દાવો કરતો હશે તો તે પંચાત મારે છે.' આમ સ્વામીના આ વચનોથી તેમને અક્ષરપણાની પાકી નિષ્ઠા થઈ ગઈ અને તેઓ સ્વામીના અક્ષરપણાનું પ્રવર્તન કરવા લાગ્યા. આ રીતે સ્વામીની ઉત્કૃષ્ટતા વધી રહેલી જોઈને ત્યાગી વર્ગ ઈર્ષાના અગ્નિમાં શેકાવા લાગ્યો અને કેશવજીવનદાસજીની આવી વાતનો વિરોધ કરવા લાગ્યો. આ વર્ગે આ સાધુને કહ્યું, 'તમે સ્વામીને અક્ષર સમજો છો પણ અહીં વડતાલમાં તે પ્રમાણે વાત થશે નહિ, જો કહેશો તો ધોળા લૂંગડાં પહેરાવી દેશે.' ગુણાતીતાનંદ સ્વામીના વચનથી જ તેમનામાં અક્ષરપણાની દૃઢ પ્રતીતિ જેને થઈ છે. એવા આ સાધુ કોઈના રોક્યા રોકાય જાય એવા નહોતા. દૃઢ નિષ્ઠા અને કેફથી તેમણે સ્પષ્ટ સંભળાવી દીધું. 'કહુંગી, કહુંગી કહુંગી, કાલા પહેર કે ભી સ્વામી કો અક્ષર કહુંગી' પછી તો આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે તેમને ભગવાં ઉતરાવીને ધોળાં પહેરાવ્યા છતાં ઉપાધિથી ડર્યા વિના તેમણે અક્ષરપણાનું પ્રતિપાદન ચાલુ જ રાખ્યું.

૩.શાસ્ત્રીજી મહારાજ કહેતા, ''આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.'' (૫/૯૨-૯૩) ગુણાતીત સંત શ્રીજીમહારાજને સદા સ્વામી-સેવકભાવે ઉપાસે છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં પોતાને સર્વના સ્વામી પણ પુરુષોત્તમના દાસ કહ્યા છે. સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે, 'સામ્રથ પાય કબુ નહિ છલકત, જ્યું ઉદધિ કે તોય, બ્રહ્માનંદ કહ્યો શ્રીમુખસે, એસો જન પ્રિય મોય.' શ્રીજીમહારાજ કહે છે, 'એ નારાયણને લઈને તો જેને વિષે મોટપ કહીએ તેને વિષે સંભવે ને એને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય. મુક્તાનંદ સ્વામી એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી ?' (વચ. લોયા ૧૩) ગુણાતીત સંત કદી પોતે ભગવાન થઈ જતા નથી. પણ તેમાં ભગવાનનો સાક્ષાત્કારપણે સમ્યક્ રીતે વાસ છે. તેથી તેમનાં દર્શને ભગવાનનું દર્શન થાય છે. તાત્ત્વિક રીતે તો ''બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે.'' (વચ.ગ.મ.૩) આપણી ગુરુપરંપરામાં પણ કોઈએ ભગવાન હોવાનો કે થવાનો ક્યારેય સ્વપ્નમાં પણ દાવો કર્યો નથી. વરતાલની સભામાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાનના પ્રસંગમાં કોઈએ કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન થવું છે.' તો તે વખતે તેઓ નિધડકપણે બોલ્યા, 'કોઈનાથી ભગવાન થવાતું નથી. ભગવાન તો એક શ્રીજીમહારાજ છે. મને કોઈ ભગવાન કહેશે તો ગધેડો લેખાશે.' શાસ્ત્રીજી મહારાજ પણ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' વળી, પોતે કહેતા ભગવાન તો શ્રીજીમહારાજ છે. મને જે કોઈ ભગવાન માનીને ભજન કરશે તે નરકના અધિકારી થશે.

૪. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનાં મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પણ પધરાવી છે. (૪/૬૦-૬૨) શ્રીજીમહારાજે સર્વ દેવો, આચાર્યો અને અવતારો પ્રત્યે આદરભાવ રાખ્યો છે. શ્રીજીમહારાજે સર્વ દેવ મંદિરોમાં તે તે દેવના સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે પણ પોતાના ઈષ્ટદેવ વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે, એ વાત પર એમણે ખૂબ ભાર મૂક્યો છે. શ્રીજી મહારાજ કહે છે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે, એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે તેમ જ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પ્રીતિ થાય નહિ. (વચ.ગ.અં. ૧૬) શિક્ષાપત્રી ૧૧૩માં શ્રીજીમહારાજે ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વ મનુષ્યોએ કરવી એમ કહ્યું છે. તેમાં સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતુ માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ દેવી કે અવતારોની નિંદા કરવાની સ્પષ્ટ ના કહી છે એટલું જ નહિ પણ એવો ભાવ બતાવનાર પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અ.પુ. મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે. અવતારોના તેમજ ધ્રુવ, પ્રહલાદ, શુક, સનકાદિક, નારદ, ગોપીઓ જેવા ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દૃઢ થાય, તેથી તેઓ શ્રીમદ્‌ભાગવત્‌ની કથા પણ કરતા ને કરાવતાં. અનેક જીવો મહારાજના સ્વરૂપને ઓળખે, તેમાં જોડાય તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દૃષ્ટિ રાખતા મહારાજના સંતો, પરમહંસો અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. જેમને સાચી જ્ઞાનદૃષ્ટિ છે એ એવી કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી, ગુણગ્રાહક દૃષ્ટિ રાખી કાર્ય કરે છે.

પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)

(ઉપાસનામાં શું સમજવું ?)

૧. અક્ષરાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ નિત્ય, સર્વોપરી, સદા દિવ્ય, સદા સાકાર, નિર્દોષ, માયાપર, એક અને અદ્વિતીય ચૈતન્ય તત્ત્વ છે. (૧૪૧)

૨. તેઓ સર્વ અવતારના કારણ છે, અવતારી છે, અધિપતિ છે, કોઈ વિશેષ કાર્ય નિમિત્તે તેઓ જ્યારે જીવો તથા ઈશ્વરોના ચૈતન્યોમાં સંકલ્પવિશેષરૂપ અનુપ્રવેશ કરે છે ત્યારે અવતારો સંભવે છે. (૧૪૨)

૩. અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુઓની આ પરંપરામાં ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ પ્રગટ થયા છે. અને આ પરંપરા અખંડ ચાલુ જ રહે છે. એક કાળે આવા એક જ ગુરુ દ્વારા આત્યંતિક કલ્યાણનો માર્ગ ચાલુ રહે છે. (૧૪૩)

૪. તેઓ પોતાના દિવ્ય અક્ષરધામમાં સદા દિવ્ય દ્વિભુજ આદિ સર્વાંગ સંપૂર્ણ પુરુષાકૃતિ, અતિ પ્રકાશવાન, કિશોરમૂર્તિ થકા દિવ્ય સિંહાસનમાં વિરાજમાન છે. અને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તથા તે અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા બ્રાહ્મીતનુયુક્ત અનંતકોટિ મુક્તો દાસભાવે તેમને ભજે છે. (૧૪૧)

(ઉપાસનામાં શું ન સમજવું ?)

૫. પુરુષોત્તમ નારાયણ જે શ્રીજીમહારાજ તે અવતારાદિક કે આચાર્ય કે ભક્ત જેવા છે, તેમ ન સમજવું. (૧૪૬)

૬. સદ્. ગુણાતીતાનંદ સ્વામી ઉપરાંત બીજા પરમહંસોને પણ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ કહી શકાય, તેમ ન સમજવું.(૧૪૬)

૭. વચનામૃતાદિ સત્શાસ્ત્રોનું રહસ્ય તથા ભગવાનનો નિશ્ચય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સમાગમ કે કૃપા વગર સ્વતંત્રપણે સમજી-સમજાવી શકાય છે, તેમ ન સમજવું. (૧૪૬-૧૪૭)

પ્ર.૮ ટૂંકનોંધ લખો : મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત (૫/૭૦-૭૪) **(કુલ ગુણ : ૫)**

ઘણા મુમુક્ષુઓ મોક્ષ માટે પરોક્ષપણે ભગવાનની ભક્તિ કરતા હોય છે. પરંતુ સર્વશાસ્ત્રનો સમન્વય કરીએ તો જરૂર પ્રતીતિ થાય કે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત વગર આત્યંતિક કલ્યાણ ન જ થાય. કલ્યાણનો મુદ્દો બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાનજી, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.. એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ... માટે સર્વે શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.' **(વચ. ગ.મ.૨૧)** જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. **(વચ. ગ.અં.૨)** જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે, ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે. અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે. **(વચ. ગ.મ.૩૨)** માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો. તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. **(વચ. વર.૧૦)** માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે. **(વચ. જેતલપુર-૧)** આ ઉપરાંત અનેક વચનામૃતમાં શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણ માટે તો પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ સંત જ બતાવ્યા છે. ટૂંકમાં સર્વ શાસ્ત્રના સારરૂપે શ્રીજીમહારાજ કહે છે : 'ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણકારી છે... તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી. એ જ પરમ કલ્યાણ છે.' **(વચ. ગ.મ. ૫૯)** સર્વે શાસ્ત્ર અને શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયને જાણનારા ગુણાતીતાનંદ સ્વામી પણ તેમની વાતુંમાં કલ્યાણ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત જ બતાવે છે. ''મોક્ષના દાતા તો ભગવાનને સાધુ એ બે જ છે.'' **(સ્વા.વા. ૧/૨૦)** પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય. **(સ્વા.વા. ૪/૩૬)** આત્યંતિક કલ્યાણ થાય તે જ મોક્ષ કહેવાય... ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાનને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય, બીજાથી થાય નહિ. **(સ્વા.વા. ૫/૫)** સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે,

'બીજા કહે મુવા પછી મોક્ષ રે, વળી પ્રભુ બતાવે છે પ્રોક્ષ રે. જ્યારે એમ જ અર્થ જો સરે રે, ત્યારે હરિ તન શીદ ધરે રે,
જ્ઞાન વિના તો મોક્ષ ન થાય રે, એમ શ્રુતિ સ્મૃતિ સહુ ગાય રે. માટે પ્રગટ જોઈએ ભગવંત રે, એવું સર્વ ગ્રંથનું સિદ્ધાંત રે,
જેમ પ્રગટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે, જેમ પ્રગટ જળને પામી રે, જાય પ્યાસીની પ્યાસ તે વામી રે,
જેમ પ્રગટ અન્નને જમે રે, અંતર જઠરાઝાળ વિરમે રે, તેમ પ્રગટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે,
માટે પ્રગટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રગટ ત્યાં આવી મળવું રે, માટે પ્રગટ પ્રભુ જો ન હોય રે, ન થાય એ નિષ્પાપ કોય રે,
જાણો પ્રગટ મૂર્તિ ભવપાજ રે, સહેજે ઉતારવાનો સમાજ રે,' **(ભક્તચિંતામણિ - ૧૬૪)**

પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધારે રે જંત રે. **(નિ.કા. કલ્યાણનિર્ણય - ૧૩-૨૮)**

આત્યંતિક કલ્યાણ કારણે જાવું પ્રગટ પ્રભુને પાસ,
મોક્ષદાયક એહ મૂર્તિ કે મોક્ષદાતા એના દાસ. **(નિ.કા. કલ્યાણનિર્ણય - ૧૬-૪)**

માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિ ના મળ્યા રે;
સાચી વાત તું માનજે સહિરે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે. **(નિ.કા. કલ્યાણનિર્ણય ૧૬-૧૦)**

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટી ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે. **(નિ.કા. કલ્યાણનિર્ણય - ૨-૧૮)**

સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે, આ ભવસાગર પાર ઉતાર, હરિ કે હરિ કો દાસ.

શ્રી સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં શ્રીવાસુદેવમાહાત્મ્યમાં પણ વૈરાગ્ય ભક્તિનિરૂપણના પ્રકરણમાં આ પ્રમાણે લખ્યું છે.

સાક્ષાદ્ભગવતઃ સાઙ્ગાત્તદ્ભક્તાનાં ચ વેદૃશામ । ધર્મો હ્યેકાન્તિકઃ પુમ્ભિઃ પ્રાપ્યતે નાન્યથા ક્વચિત ॥ **(વાસુદેવમાહાત્મ્ય ૨૫-૬૫)**

અર્થાત્ : સાક્ષાત્ ભગવાનના સંબંધથી અથવા પૂર્વશ્લોકમાં કહેલાં લક્ષણોએ યુક્ત એવા એકાંતિક ભક્તના સંબંધી જ મનુષ્યોને એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજા કોઈપણ ઉપાયથી ક્યારેય પણ તેની પ્રાપ્તિ થતી નથી. શ્રીજીમહારાજ પણ વચનામૃતમાં આ જ સિદ્ધાંતને દૃઢાવતાં કહે છે : 'એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી જ વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.' **(વચ. ગ.પ્ર. ૬૦) (નોંધ : ઓછામાં ઓછા પાંચથી છ પ્રમાણો આપવા જરૂરી છે.)**

(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, આઠમી આવૃતિ માર્ચ - ૨૦૧૧,
યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ પાંચમી આવૃતિ એપ્રિલ - ૨૦૧૦)

પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.

૧. ''જૂનાગઢ જલદી જાઓ, ત્યાં સ્વામી તમારી વાટ જુએ છે.'' (૪/૪૫) **અથવા**
➭ શ્રીજીમહારાજ - આચાર્ય મહારાજને
➭ આચાર્ય મહારાજને ગઢડાના સંતો ઈરાદાપૂર્વક ગઢડામાં રોકી રાખતા ત્યારે જૂનાગઢમાં સ્વામી શ્રીજીમહારાજને પ્રાર્થના કરે એટલે મહારાજ સાક્ષાત્ દર્શન દઈને એમને કહેતા.

૨. ''આપણું કાંડું પ્રગટ ભગવાન પકડશે તો જ આપણો ઉદ્ધાર થશે.'' (૫/૪૯)
➭ રાણી (કુશળકુંવરબા) - ભૂદેવને (પુરાણીને)
➭ ભાગવતની કથામાં રૂક્ષ્મણિનું ભગવાન હરણ કરતા હતા. તે પ્રસંગ આવ્યો ત્યારે રાણીના કાન ચમક્યા અને તેને અંતરનો નાદ સંભળાતા ભૂદેવને કહે છે.

૩. ''નહિ તો અમારે આ ગામ છોડી ચાલ્યા જવું પડે.'' (૨/૧૬) **અથવા**
➭ રામાનંદ સ્વામી - મુકુંદદાસને
➭ સરધારમાં મુકુંદદાસે રામાનંદ સ્વામીને બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરાવી શરણે લેવાની વિનંતી કરી ત્યારે રામાનંદ સ્વામી કહે છે.

૪. ''આ તો સિદ્ધવલ્લભ રાજા છે.'' (૭/૬૬)
➭ મહારાજ - ભગા દોશીને
➭ ભગા દોશી સવા વર્ષના તેમના પુત્ર શિવલાલને મહારાજ પાસે પગે લગાડવા લાવેલા ત્યારે બાળકના માથે હાથ મૂકીને કહે છે.

૫. ''ના, ક્રોસ તો પ્રતીક છે. જ્યારે આ મૂર્તિમાં તો ભગવાન સાક્ષાત્ અખંડ રહ્યા છે.'' (૨૧) **અથવા**
➭ સ્વામીશ્રી - શ્રી જોમો કેન્યાટાને
➭ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ જોઈને કેન્યાટા પૂછે છે 'આ શું છે ? ખ્રિસ્તીઓ ક્રોસ પહેરે છે. તેવું પ્રતીક જ ને !' ત્યારે સ્વામીશ્રી કહે છે.

૬. ''આઇ હેવ ગોડ !'' (૨૩) ➭ સ્વામીશ્રી - શ્રી કાર્લોસવેગાને
➭ કાર્લોસવેગાએ સ્વામીશ્રીને કહ્યું : 'મારી પાસે બંગલો છે, મોટર છે, પૈસા છે, કીર્તિ છે, બધું જ છે, આઈ હેવ એવરીથીંગ... પરંતુ શાંતિ ....' ત્યારે સ્વામીશ્રી કહે છે.

પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)

☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.

૧. **મુકુંદદાસે આત્મહત્યા કરવાનો નિરધાર કર્યો. (૨/૧૫)** મુકુંદદાસને બાળપણથી જ જગત પ્રત્યે ઉદાસીનતા - માતા પિતા દ્વારા લગ્નનું બંધન - તેમાંથી છૂટવા અમરાપરમાં રહેવા આવ્યા - પ્રભુ પ્રાપ્તિ માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું મહત્વ અને અનિવાર્યતા છે તે વાત સમજાઈ - બ્રહ્મચર્યવ્રત પાલનની ભાવના ખૂબ પ્રબળ - તેથી ગૃહસ્થ જીવન અસહ્ય - ગૃહત્યાગ- ધાંગ્રધ્રામાં દ્વારકાદાસ બાવા પાસે - બાવાજીએ બ્રહ્મચર્ય પાલનમાં પોતાની અસર્મથતા - વાંકાનેરમાં કલ્યાણદાસ બાવા પાસે મોકલ્યા - કલ્યાણદાસ પિત્તળની કોપીન પહેરીને - લોઢાનું તાળું વાસે છે - કલ્યાણદાસે પણ બ્રહ્મચર્ય પાલન-નૈષ્ઠિક વ્રત ખૂબ અઘરું છે તેમ કહ્યું. - ચાલીસ વર્ષ પહેલાનું બાઈનું લટકું અંતરમાં દૃઢ થઈ ગયેલું. - આ સાંભળી મુકુંદદાસને નિરાશા - બ્રહ્મચર્ય વગરનું જીવન નિરર્થક એમ લાગતાં આત્મહત્યાનો નિરધાર. **અથવા**

૨. **સારંગપુરના વાઘા ખાચરને ભક્તોની સેવા કરવાની અનુકૂળતા થઈ. (૧/૫-૬)** ગુજરાતમાંથી ગઢપુર જતાં સારંગપુર રસ્તાનું ગામ. તેથી ગઢપુર જતા યાત્રાળુઓ અહીં દરબાર વાઘાખાચરને ત્યાં વિસામો લે. દરબાર સૌ સંતો હરિભક્તોની સારી સરભરા અને સેવા ચાકરી કરે. સેવાના અવિરત ઘસારાથી અને નજીવી આવકને કારણે વાઘાખાચરને મૂંઝવણ થતી કે હું હવે સૌની સેવા-સરભરા કેવી રીતે કરીશ. ગોપાળાનંદ સ્વામીએ તેમનું આ દુઃખ દૂર કરવા માટે હનુમાનજીની એક પથ્થરની મૂર્તિ તૈયાર કરાવીને વાઘાખાચરના દરબારના એક ઓરડામાં પધરાવી. સ્વામીએ પોતાની લાકડી અડાડીને આ મૂર્તિમાં એટલું દૈવત મૂક્યું કે મૂર્તિ ધ્રૂજવા લાગી.

મહારાજની જેમણે વનમાં સેવા કરી હતી તે હનુમાનજીનું મૂર્તિમાં આહ્‌વાન કર્યું. સ્વામીના વચને હનુમાનજી ખૂબ પ્રતાપ જણાવી લોકોની ભૂત-પ્રેતના વળગાડની યાતના દૂર કરી ઐહિક મનોકામના પૂર્ણ કરવા લાગ્યા. દેશોદેશથી દુઃખિયારા આવી સંકટમાંથી મુક્તિ મેળવીને હનુમાનજીના ચરણોમાં સેવા મૂકવા લાગ્યા. આમ, વાઘાખાચરને હનુમાનજી કમાઉ ભાઈ નીવડ્યા. તેથી ભક્તોની સેવા કરવાની અનુકૂળતા થઈ.

૩. **રતનસિંહને ચામડીનો રોગ મટી ગયો. (૪૯)** રઢુના રતનસિંહને ચામડીનો અસાધ્ય રોગ થયો હતો. શરીર પરુથી ભરાઈ ગયેલું હતું. કોઈ તેમની નજીક જઈ શકતું ન હતું. રતનસિંહને સમજાતું નહોતું કે કયા કર્મના ભોગે આ અસહ્ય વેદનામાંથી પસાર થવું પડે છે. ત્યારે નડિયાદ હોસ્પિટલમાં સ્વામીશ્રી તેમને મળવા ગયા. સ્વામીશ્રી તેમના પલંગ પર બેસી ગયા. પરુ ગ્રસ્ત શરીર પર પ્રેમાળ હાથ પસવારતા રહ્યા. એ દિવ્ય સ્પર્શે રતનસિંહના રોમેરોમમાં શીતળતા પ્રસરી ગઈ. ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું 'જાવ કશું નહિ થાય, બધું મટી જશે !' અને થોડા વખતમાં રોગ શમી ગયો. **અથવા**

૪. **સત્પુરુષને ભાષાનાં બંધનો હોતાં નથી. (૨૫)** સને ૧૯૮૦ની વિદેશયાત્રામાં સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગમાં સન્ડે ટ્રીબ્યુન (Sunday Tribune)ના અંગ્રેજ પત્રકારે વીસેક મિનિટ સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કર્યો. તે સમયે આત્મસ્વરૂપ સ્વામી દુભાષિયા તરીકે સેવા આપતા હતા. તેમાં પત્રકારે કહેલો છેલ્લો પ્રશ્ન 'તમે સ્ત્રીઓને દૂર રાખો છો, તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી ?' તેનું ગુજરાતી થાય તે પહેલાં જ સ્વામીશ્રીએ કહ્યું, 'એને કહો કે હિન્દુસ્તાનમાં પોતે આવીને જુએ ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણનું ભજન કરે છે. પણ કોઈને એવો ભાવ થતો નથી.' ગોરો રીપોર્ટર પણ અંગ્રેજીમાં ઉત્તર લખવા માંડ્યો. તેણે શું લખ્યું છે તે આત્મસ્વરૂપ સ્વામીએ સાંભળ્યું તો જણાયું કે સ્વામીશ્રીએ જેવો ઉત્તર આપ્યો હતો તેવો જ તેણે લખ્યો. આમ, સત્પુરુષને ભાષાનાં બંધન હોતાં નથી.

પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)

☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.

૧. **શિવલાલ શેઠનું અલૌકિક ધ્યાન (૭/૭૦-૭૧)** બોટાદના શિવલાલ શેઠને ધ્યાનનું અંગ - એક વખત તેમના પિતા ભગા દોશીએ કહ્યું: 'શિવલાલ તારા જેવું ધ્યાન કરતાં મને શીખવાડ' - બાપા ! મારા જેવું ધ્યાન તમારાથી નહિ થાય, કારણ હું તો આ હવેલી અને બોટાદ શહેરને ફરતી આગ ચાંપી તેના રાખના ઢગલા પર દેહને ખોટું કરીને - વચ્ચેથી ભગા દોશી કહે : 'શિવા, તારું ધ્યાન તારી પાસે રાખ, મારે નથી શીખવું.' અને સાચે જ તેમનું ધ્યાન એવું જ હતું - એક વખત પોતે ધ્યાનમાં - મેડા પરથી ઘીના ગાડવા ગબડ્યા - સીડી પર ઘી ઢોળાયું - અવાજ થયો છતાં શિવલાલભાઈ ધ્યાનમાં મગ્ન - ભગા દોશીએ આ બાબત પૂછ્યું, 'એમાં શું ?' પેટમાં ઢોળાવાનું હતું તેને બદલે દાદર પર ઢોળાયું.' આમ, તેમને આ બાબત રંચમાત્ર ખરખરો નહિ - એવું ઉત્કૃષ્ટ ધ્યાન હતું. **અથવા**

૨. **લાલજી ભક્તને ભાદરામાં થયેલો શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય (૩/૩૦-૩૧)** ભાદરાના પાદરથી પસાર થતી ઊંડ નદીને કાંઠે મહારાજ સૌ ભક્તમંડળી સાથે પહોંચ્યા. નદીમાં પાણી બે કાંઠે હતું. પુષ્કળ પાણી જોઈ જળવિહાર કરવા મહારાજે સંકલ્પ કર્યો. લાલજી ભક્તને મહારાજે એક તરાપો બનાવી લાવવા કહ્યું. 'જરૂરી સાધન વગર એકદમ તરાપો કેમ બનાવવો ?' - લાલજી ભક્તને પ્રશ્ન થયો. મહારાજ કહે કે ''આપણે નદી પાર કરવી જ છે માટે એક ચલાખો (ચોફાળ-ખાદીનો કટકો) લાવો. વચનમાં વિશ્વાસી લાલજી ભક્ત ચલાખો લાવ્યા. સૌના મનમાં એમ થતું કે ''મહારાજ શું કરશે ? ચલાખો શું પાણી ઉપર તરશે ?'' અને સૌના આશ્ચર્ય વચ્ચે મહારાજે ચલાખો પાણીમાં તરતો મૂક્યો અને પોતે એના ઉપર બેસી ગયા. સૌ ભક્તો તો જોઈ જ રહ્યા કે સ્વપ્ન તો નથી ને ! મહારાજની આજ્ઞાથી મૂળજી શર્મા, લાલજી ભક્ત, રત્ના ભગત અને ડોસા ભગત પણ ચલાખા ઉપર બેઠા. મહારાજની ઈચ્છાથી ચલાખો પાણી ઉપર તરવા લાગ્યો અને થોડી વારમાં તો સૌ સામે પાર આવી પહોંચ્યા. આવું અલૌકિક આશ્ચર્ય જોઈ લાલજી ભક્ત તથા બીજા ભક્તોને મહારાજના સ્વરૂપનો નિશ્ચય વિશેષ દૃઢ થયો.

૩. **નિષ્કંચન પ્રમુખસ્વામી મહારાજ (૩૩) અથવા** સ્વામીશ્રી જે વિમાનમાં દારેસલામ ગયા હતા તે વિમાનમાં હીરાની દાણચોરી થઈ રહી છે. તેવી ખબર એરપોર્ટના અધિકારીઓને મળતાં સ્વામીશ્રી અને સંતોનો સંપૂર્ણ સામાન ચેક કર્યો પણ કાંઈ ન મળ્યું. સામાન્ય રીતે મુસાફરીમાં રખાતા પંચોતેર જેટલા શિલીંગ પણ સ્વામી કે કોઈ સંતો પાસેથી ન મળતાં અધિકારીઓ તાજ્જુબ થઈ ગયા. આવા મુસાફરો પહેલી જ વાર જોવા મળ્યા. આંતરરાષ્ટ્રીય મુસાફર તરીકે જ નહિ પરંતુ એક વિશ્વવ્યાપી સંસ્થાના અધ્યક્ષ હોવા છતાં સ્વામીશ્રી પાસે પોતાની માલિકીનો એક કાણો પૈસો પણ નથી. આવા નિષ્કંચન સંત જાણીને એ અધિકારીઓને લાગ્યું કે તેઓ પૃથ્વી ઉપર કોઈ જુદી માટીના મહામાનવનાં દર્શન કરી રહ્યા છે. ક્ષમા-પ્રાર્થના સાથે સ્વામીશ્રીનાં ચરણોમાં તેઓ ઝૂકી પડ્યા.

૪. **સેવાની મૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ (૧૮-૩૫-૩૬) (૧)** જલઝીલણી એકાદશીના ઉત્સવ પછી થાકેલા સંતો-ભક્તો આરામમાં ગયા. સ્વામીશ્રીના સેવકની અચાનક ઊંઘ ઊડી ગઈ. સ્વામીશ્રીની પથારી ખાલી જોતાં તપાસ કરવા નીકળ્યા. તો મંદિરના પાછળના ભાગે આવેલાં હરિભક્તોના સંડાસ સ્વામીશ્રી સાફ કરી રહ્યા હતા. સેવક સંત રોકવા ગયા. તો તેમણે કહ્યું : અવાજ ન કરશો. બીજા સૂતા છે, જાગી જશે. સેવકે અતિ આગ્રહ કર્યો તો કહે 'એકથી બે ભલા. તું પાણી લાવ અને હું સાવરણો ફેરવું. બસ!' (૨) ૧૯૭૧ ના ડિસેમ્બરમાં પ્રમુખસ્વામી મહારાજનો ૫૧મો જન્મોત્સવ ધર્મજ મુકામે ઉજવાતો હતો. ગુરુપદે આવ્યા પછીની આ પહેલી જન્મજયંતી હતી. જે દિવસે જન્મોત્સવ હતો. તે દિવસે સૌ સભામાં સ્વામીશ્રીની રાહ જોતાં બેઠા હતા. બીજી તરફ સ્વામીશ્રી જ્યારે દાતણ કરવા બેઠા ત્યારે તેમણે જોયું. ચોકમાં લોકોએ દાતણ કરીને ફેંકેલી ચીરીઓ વેરાયેલી પડી હતી. સ્વામીશ્રી કોઈને કશું કહ્યા વગર લોકોએ ફેંકી દીધેલી દાતણની એંઠી ચીરીઓ જાતે ઉપાડીને ટોપલીમાં નાખી દીધી. સ્વામીશ્રીને મન તો સેવા એ જ ઉત્સવ હતો. સેવા સ્વામીશ્રીનો સ્વભાવ છે. સેવા તો તેઓની નસમાં વહેતું લોહી છે. આજ એમની મહાનતા છે.

પ્ર.૧૨નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)

☞ નોંધ : અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.

૧. નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ ક્યારે થયો હતો ? (સંવત, તિથિ) (૩/૨૯)

જ. નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૨૨ની વસંતપંચમીના દિવસે થયો હતો.

૨. પર્વતભાઈ કેટલું અનાજ લોજ લઈ આવ્યા ? (૬/૫૭)

જ. પર્વતભાઈ સોળ કળશી જેટલું આઠથી દસ જેટલાં ગાડાં ભરીને અનાજ લોજ લઈ આવ્યા. **(હિન્દીમાં ૨૫૬ મણ)**

૩. કુશળકુંવરબાને સૌ પ્રથમ કયા પરમહંસનો યોગ થયો ? (૫/૫૦)

જ. કુશળકુંવરબાને સૌ પ્રથમ પરમચૈતન્યાનંદ સ્વામીનો યોગ થયો.

૪. નરેન્દ્રપ્રસાદ સ્વામી સ્વામીશ્રીના દિવ્યત્વમાં શા માટે ખોવાઈ ગયા ? (૩૭)

જ. નરેન્દ્રપ્રસાદ સ્વામીને મૂર્તિના દેવત્વ વિષે સંશય થતાં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો અંગૂઠો જરા જોરથી દબાવ્યો અને તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા 'આચાર્ય ! આસ્તે !' અને તેઓ સ્વામીશ્રીના દિવ્યત્વમાં ખોવાઈ ગયા.

૫. સ્વામીશ્રીએ બળબળતા તાપમાં પોતાના જોડાં કોને આપ્યાં ? (૩૮)

જ. સ્વામીશ્રીએ બળબળતા તાપમાં પોતાના જોડાં સાધુજીવન સ્વામીને આપ્યાં.

પ્ર.૧૩આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)

☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૨, ૩ (૬/૫૮) **૨.** ૧, ૪ (૨/૧૭) **૩.** ૧, ૩ (૧૭, ૨૧) **૪.** ૧, ૨ (૩૯, ૪૨)

(વિભાગ - ૩ : નિબંધ)

પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)

☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.

૧. **યુવાનોના ચારિત્ર્ય શિલ્પી : પ્રમુખ સ્વામી મહારાજ : (૧)** યુવાની કેવી છે ? તો સનસનતા વાયુના વેગથી દોડતી યુવાની - આ યુવાની પાસે ગતિ છે પણ દિશા નથી. કોઈપણ યુવાન નિષ્ફળતાને આવકારતો નથી. 'પોતાનું જીવન અને પોતાનો નિયમ' - અને તે રીતે સ્વતંત્ર જીવન જીવવાના ભ્રમમાં પરતંત્રના - વ્યસનો અને વિષયોના વમળમાં ફસાઈને દિશા શૂન્યતા - અંતે નિષ્ફળતા - થપાટો ખાઈ ખાઈને જીવનમાં હાર પામી જાય છે. **(૨)** આવા વેગવંતા પણ દિશાશૂન્ય યુવાનોને દિશા આપીને, તેમના કુશળ શિલ્પી બનીને સંસ્કારી યુવાસમાજની ભેટ સમાજને સ્વામીશ્રીએ આપી - સંસ્કાર-પ્રદાન ક્ષેત્રે તેમના દ્વારા ક્રાંતિ - બેડોળ પથ્થરમાંથી કુશળ શિલ્પના ઘડવૈયા - સ્વામીશ્રીના યોગમાં આવતાં જ યુવાનોની દિશા બદલાઈ જાય છે - સ્વામીશ્રીના યોગથી યુવાનોને અંધકારમાંથી કલ્યાણમય, શાંતિમય, સુખમય અને ઉજ્જવળ ભવિષ્યની દિશાની પ્રાપ્તિ - સ્વામીશ્રીએ રચેલાં મંદિરો, સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઘડાયેલા સંતો - સ્વામીશ્રી સંચાસિત વિશાળ બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિઓના હરિભક્તો અને કાર્યકરો - બધું જ યુવાનોમાં સંસ્કાર સિંચન કરનાર શિક્ષક તરીકેની ફરજ બજાવે છે અને યુવાનોને જીવન ઘડતરના પાઠ શીખવે છે. **(૩)** બી.એ.પી.એસ.ના મંદિરોમાં સ્વામીશ્રીની આજ્ઞાથી સંતોના સાનિધ્યમાં યોજાતી યુવાસભા તેમજ શિબિર, અધિવેશન વગેરે પ્રવૃત્તિઓ યુવાનોનાં જીવનમાં શમ, દમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ક્ષમા, સંતોષ જેવા ઉચ્ચ ગુણોની ફૂલવાડી ખીલવે છે અને જીવન જીવવાની કળાને સુંદર ઓપ આપે છે. આવું ઘડતર પામેલા યુવાનનું જીવન પરિવર્તન પ્રસંગ સાથે. પંચમહાલ જિલ્લાના કંબોઈ ગામના યુવાન સુરસિંહ ભુરિયા - હિંસક પ્રવૃત્તિમાં મોખરે - મરઘીને થેલામાં ભરી જંગલમાં જઈ એકાંતમાં શેકીને ખાવાનો રોજનો ક્રમ - સસલાંનો શિકાર તેમજ માંસભક્ષણ - ખાવાની તંગી ઉભી થાય તો ચોરી કરે - પકડવા આવનાર પોલીસને ખોખરા કરી નાખે. સત્સંગીને શિક્ષા - સુરેશભાઈ પંચાલને આ ગામમાં જવાનું થયું. સુરસિંહને સુરેશભાઈ સાથે ભાવ - તેથી બી.એ.પી.એસ. સત્સંગમાં જોડાયા. સંતો તેમજ સ્વામીશ્રીના પવિત્ર પ્રભાવથી કંઠી ધારણ કરી પૂજા, પાઠ, આરતી, પંચવર્તમાન શિર સાટે - આર્થિક પરિસ્થિતિ સાધારણ તેમ છતાં ચોરી કે શિકાર તરફ ન વળ્યા. આર્થિક લાલચને કારણે ગામમાં 40% હિન્દુ કુટુંબો મરી ગયા હતા. પરંતુ સુરસિંહ પોતાના ધર્મમાં અડગ - તેમના પ્રયત્નીથી ૧૫૦ કુટુંબોમાં અસ્મિતા જાગી અને તેઓ સ્વેચ્છાએ વિધિવત હિન્દુ બન્યા. **(૪)** આમ, મળભર્યા કાદવ વચ્ચે સદાચારનું કમળ ખીલ્યું - ચારિત્ર્યનો માર્ગ, દુરાચારનો માર્ગ છોડીને સ્વામીશ્રીની છત્રછાયામાં યુવાનો - જીવન પરિવર્તન પામ્યા, બ્રહ્મવિદ્યાનો માર્ગ ગ્રહણ કરીને પ્રામાણિકતા, સંયમ સદ્‌ગુણોથી મહેકી ઊઠ્યા - દેશ અને વિદેશના હજારો યુવાનો સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવના સાક્ષી. સાબરકાંઠા જિલ્લાનો વાલિયો આનું સચોટ દૃષ્ટાંત - સાચે જ વાલિયા લૂંટારાની યાદ અપાવે તેવો - તેની નજર પડે તે દુકાન રાત્રે લૂંટાઈ જાય - ખૂબ મોટી ચોરી કરે છતાં પકડાય નહિ.

પરંતુ સ્વામીશ્રી જેવા પારસમણિ સંતના સ્પર્શથી (યોગથી) વાલિયાનું વાલાભાઈમાં રૂપાંતર - કથીરમાંથી કંચન - તિલક-ચાંદલા સાથે સંયમી, ઉદ્યમી, પવિત્ર, પ્રામાણિક જીવન જીવતા વાલાભાઈ - તેમની ૬૦ જણની ટોળકીના ૬૦ કુટુંબો સત્સંગી - તેમની ઝૂંપડીમાંથી આરતી અને ધૂનના સ્વરો ગૂંજતા થયા છે. (૫) આવા તો કેટલાય યુવાનો સમાજના દૂષણરૂપમાંથી આભૂષણરૂપ - જેના હાથમાં રિવોલ્વર તેના હાથમાં માળા - ગુનાખોરી તરફ વળતાં પગ સાચા જીવનના રાજમાર્ગ પર - આનું ઉત્તમ ઉદાહરણ ટાંઝાનિયાના સુભાષભાઈ - બધા જ દૂષણોનો સરવાળો એટલે સુભાષભાઈ - આફ્રિકાના અધિકારીઓ પણ ડરતા. પરંતુ સ્વામીશ્રીના એક જ વારના પાવન સ્પર્શે તેમનું આમૂળ પરિવર્તન - પવિત્ર આહાર, પવિત્ર જીવન - દરરોજ સવાર-સાંજ આરતી, નિયમિત ચેષ્ટાગાન, કથા, મંદિર-દર્શન, શાસ્ત્ર વાંચન શિરસાટે પાળવાનું - નિયમધર્મમાં પાકી નિષ્ઠા - એમનું સત્સંગમય જીવન જોઈને કેટલાયને સત્સંગની લગની. (૬) આવા તો અનેક યુવાનો સ્વામીશ્રીના યોગથી સદાચારના રાજમાર્ગે - જે અમૂલ્ય શક્તિ વેડફાતી હતી તે રચનાત્મક માર્ગે - પરિણામે પેઢીઓથી જે ઝૂંપડાઓ દારૂણ ગરીબીમાં સબડતાં તે જ ઝૂંપડા સુખ-સમૃદ્ધિની રંગોળીથી રંગાયેલા - નિરર્થક જીવનની સાર્થકતા - સ્વામીશ્રીના પવિત્ર પ્રભાવની નિરાળી અદ્વિતીય અનુભૂતિ અનેકનાં હૈયાને ગદ્‌ગદ્ કરી દે છે, આનંદથી ભરી દે છે. આમ, સ્વામીશ્રી યુવાનોના ચારિત્ર્યના શિલ્પી બની રહ્યા છે. - ઉપસંહાર.

૨. **તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો :** (૧) કવિ દયારામ કહે છે 'જો તારા સંગે રહીને કોઈ વૈષ્ણવ ન થાય તો તું કાચો વૈષ્ણવ છે.' (૨) અહીં આ નિબંધમાં આ પંક્તિને positive રીતે વ્યક્ત કરી છે કે તારા સંગે કોઈ વૈષ્ણવ થાય તો તું વૈષ્ણવ સાચો તો આ વૈષ્ણવ એટલે કોણ ? નરસિંહ મહેતાની વૈષ્ણવજનની વ્યાખ્યા. (૩) ફક્ત બાહ્ય આચારથી જ વૈષ્ણવ થવાતું નથી. આંતરિક રીતે વૈષ્ણવના ગુણો હોવા જરૂરી - વૈષ્ણવ હોય તેની વાણીમાં વિવેક હોય - મીઠી વાણીથી પોતાના તરફ અન્યને ખેંચાણ થાય - (પ્રસંગો) (૪) વૈષ્ણવ હોય તેનું વર્તન એવું હોય કે બીજા તેનાથી પ્રભાવિત થાય. ઈર્ષ્યા, કપટ, માન ન હોય, બીજાના દુઃખે દુઃખી થાય, આવા ગુણો હોય તેના સંપર્કમાં આવનાર, સંગમાં રહેનાર પણ ગુણવાન થાય, વૈષ્ણવ થાય. (૫) તેથી જે સાચા અર્થમાં વૈષ્ણવ હોય તેના સંગમાં આવનાર વૈષ્ણવ થાય જ - સ્વામીશ્રી સાચા અર્થમાં એવા વૈષ્ણવ જેના સંગમાં આવનાર દરેકનાં જીવન પરિવર્તન થયાં છે. (પ્રસંગો)

૩. **શિક્ષણના રણમાં સંસ્કાર-ઉપવન : B.A P. S. છાત્રાલયો :** (૧) શિક્ષણનું ક્ષેત્ર આજે જાણે બળબળતું રણ બન્યું છે - સંસાર વિનાના આ શિક્ષણ રૂપી રણનો બળબળતો વાયરો દઝાડે છે - સમાજને, પરિવારોને, વ્યક્તિઓને અને વિશ્વને યુનિવર્સિટીના વિરાટ અને વિશાળ પરિસરો, કોલેજો, હોસ્ટેલો બધાની રચનામાં શિક્ષણનો ઉદાત્ત હેતુ - પરંતુ સંસ્કારની અછતે તેનું એક મહા રણમાં જાણે કે રૂપાતંર - જ્યાં અહો રાત્ર સંગ્રામ - કારણ આધુનિક કેળવણીમાંથી સંસ્કાર અને ધર્મની બાદબાકી જ્યાં પાયામાં જ આ બાદબાકી હોય, ધર્મ અને સંસ્કારના મૂલ્યો ન હોય તેની ફલશ્રુતિ શું ? આધુનિક શિક્ષણ સંસ્થાઓ ભણતરની વ્યવસ્થા આપે છે પણ ભણતર ઉપર ગણતર, ચણતર કે ઘડતરનું શું ? (૨) માતા-પિતા અને ઘરથી દૂર ભણવા જતા વિદ્યાર્થીઓની કારકિર્દી માટે છાત્રાલયો વિસામો - પરંતુ દુઃખની વાત એ છે કે આ છાત્રાલયો એ વિદ્યાર્થીઓના જીવન તાર્યા તો છે, તો ડૂબાડ્યાં પણ છે. માતા-પિતા તેમજ પરિવારજનોની ગેરહાજરી, નિયંત્રણ વિનાની સ્વતંત્રતા અને વિચિત્ર સ્વભાવો સાથે આવેલા વિદ્યાર્થીઓને કારણે છાત્રાલયોના રૂપ-રંગ વરવાં થઈ ગયાં છે. મદ્ય-માંસ અને વ્યભિચારથી ખદબદતી વિકૃત કલબો, નાચગાન, રેગીંગ, જાતીય સતામણી, ધાકધમકી વગેરે બદીઓથી બેહાલ બનેલ છાત્રાલયો એટલે જાણે કે ગુંડા-ગલી. (૩) આવા બળબળતા રણમાં ખીલેલા ઉપવનોથી મધમધતી, સંસ્કારથી ઓપતી હોસ્ટેલો B.A P.Sની હોસ્ટેલો - છાત્રાલયો બળબળતા રણમાં મીઠી વીરડી સમાન - ઘરથી દૂર સંતાનોને ભણવા મોકલતા માતા-પિતાની ચિંતા B.A P.S.ના છાત્રાલયોમાં દૂર થઈ જાય છે. આપણા મહાન સંતો યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ દ્વારા માતાપિતાને આશ્વાસન - B.A P.S.ના છાત્રાલયો એટલે શિક્ષણના રણમાં સંસ્કાર-ઉપવન જ્યાં આધુનિક શિક્ષણની સાથે સંસ્કારવર્ધન પણ પ્રાપ્ત થાય છે. - આજે એક તરફ પ્રામાણિકતાનું મૂલ્ય ઘટતું જાય છે ત્યારે B.A P.Sના છાત્રાલયમાં રહીને યુવાનો પ્રામાણિકતાના ઉમદા પાઠ શીખે છે અને ઉપનિષદ યુગની ગરિમાના દર્શન કરાવે છે. પ્રકાશ સોની નામના યુવાન - વિદ્યાનગર પોલીટેકનીકલની કોલેજમાં અભ્યાસ - વાર્ષિક પરીક્ષાનું પ્રશ્નપત્ર પરીક્ષા પહેલાના બે-ત્રણ દિવસ પહેલાં ફૂટી ગયું. દરેકે તે પ્રમાણે તૈયારી કરી. પ્રકાશે તો આ સામે કાંઈ ધ્યાન જ ન આપ્યું. પરીક્ષાખંડમાં પણ સર્વેએ ચોરી કરી પણ પ્રકાશ શુદ્ધ હેતુથી, પ્રામાણિકતા સાથે તેને જે આવડતું હતું તેટલું જ લખ્યું. તેની આ નીતિમત્તાએ સૌને દંગ કરી દીધા. આવા એક નહીં પણ અનેક સંસ્કાર - શિલ્પો પ્રમુખસ્વામી મહારાજે ઘડ્યાં છે, સમજાવ્યાં છે. (૪) ભ્રષ્ટાચારથી ખદબદતા સાંપ્રત સમયમાં પ્રકાશનું આ ઉદાહરણ કદાચ કોઈને પૌરાણિક કથા જેવું લાગે પરંતુ છાત્રાલયોમાં સ્વામીશ્રીના આદેશ અને આદર્શ અનુસાર પૂજ્ય સંતો છાત્રોનું જીવન ઘડતર કરે છે એ નક્કર અનુભવાયેલી હકીકત છે. આ છાત્રાલયો માત્ર વિદ્યાર્થીઓને રહેવાની ઈમારત નથી પણ તેમના જીવન ઘડતરની શાળા. અહીં સ્વામીશ્રીના આદર્શ અનુસાર યુવાનોનાં સંસ્કાર-સિંચન, જીવન-ઘડતર અને ચારિત્ર્ય-ઘડતરની સતત ખેવના સંતો રાખે છે. વિદ્યાર્થીઓના દુઃખને પોતાનું દુઃખ માનીને તેમના પ્રશ્નોને પોતાના પ્રશ્નો માનીને તેનો ઉકેલ લાવવા તેમજ જિંદગીના દરેક વળાંક પર રાહબર બની સાચો માર્ગ બતાવવા સંતો સતત કાર્યશીલ - માતાની મમતા, પિતાનું પ્રોત્સાહન તેમજ જીવનના ઉતાર-ચઢાવ વચ્ચે અડીખમ રહેવા માટે અસીમ આત્મબળની પ્રાપ્તિ. (૫) ઉપનિષદોમાં વર્ણવેલી પરા અને અપરા બંને વિદ્યાઓ યુવાનો (છાત્રો) આત્મસાત્ કરે એવું

સ્વામીશ્રીનું આયોજન - તેથી જ B.A P. S. છાત્રાલયોની આગવી વિશેષતા તેની આધ્યાત્મિકતા - સવાર-સાંજની સત્સંગસભા અને પ્રભુપ્રાર્થના હજારો છાત્રો માટે પ્રેરણાસ્ત્રોત - જીવનનાં પાયાનાં મૂલ્યો શિસ્ત, નિયમિતતા, એકાગ્રતા, પુરુષાર્થ, ધૈર્ય, બ્રહ્મચર્ય પાલન, સમયનું આયોજન વગેરે પ્રાપ્ત કરી પ્રત્યેક છાત્રનું જીવન સમૃદ્ધ - અનેક પ્રકારની કળાઓ, પ્રવચન, નેતૃત્વ શક્તિ, સેવા-પરોપકાર વગેરે સદ્ગુણોની ખિલવણી - દરેકનું મુખ્ય ધ્યેય ખંત અને ઉત્સાહથી નિષ્ઠાપૂર્વક કાર્ય કરીને ગુરુહરિને રાજી કરી લેવા. (૬) આજે પશ્ચિમી વાયરાને કારણે હિંદુ ધર્મની અસ્મિતાની વિસ્મૃતિ. જ્યારે બીજી તરફ B.A P. S.ના મુખ્ય છાત્રાલયના યુવાનો ધર્મની અસ્મિતાથી ગૌરવવંતા - ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી હિરેન ઠાકોર કહે છે જો તેને આ છાત્રાલય ન મળ્યું હોત તો આજે કદાચ તે હિંદુ જ ન રહી શક્યો હોત. સનાતન હિંદુ ધર્મનું જ્ઞાન તેમજ સંસ્કૃતિના પાયાના સિદ્ધાંતોની સવાર-સાંજ થતી પ્રાર્થનાને કારણે યુવાનોમાં જાગૃતિ. ધર્મની અસ્મિતાને કારણે યુવકોમાં જાગૃતિ. ધર્મની અસ્મિતાને કારણે છાત્રાલયના યુવાનો સંયમે-નિયમમાં પણ ઉચ્ચ સ્થાને - સુરતનો જયેશ મોરડીયા - રંગીન પ્રકૃતિનો યુવાન - મિત્રો પણ તેવા જ - સત્સંગના યોગ બાદ - ફોઈના દીકરા સાથે ફિલ્મ જોવા જવાનો ઈન્કાર - નિયમમાં દઢતા જોઈ તેનો પિતરાઈ પણ આશ્ચર્યચક્તિ થઈ ગયો. આવા ઉચ્ચ સંસ્કારોનું સિંચન તે છાત્રાલયોની અદ્વિતીયતા છે. મહાભારતમાં લખ્યું છે : ‘જેની સાથે બેસો તેનો સંગ ચડતા વાર લાગતી નથી. હીન સાથે રહીએ તો હીન અને ઉત્તમ સાથે રહીએ તો આપણે ઉત્તમ બનીએ છીએ. છાત્રાલયમાં ઉત્તમ સત્સંગના રંગે રંગાઈને યુવાનો દેશ-વિદેશમાં ઊંચા પદ પર - કારકિર્દીના શ્રેષ્ઠત્તમ શિખર પર છતાં તેઓ દારૂ, માંસ, સિગારેટ જેવી અભક્ષ્ય વસ્તુ ખાતા નથી. ઉલટાનું પોતાના બચાવેલ પૈસાનો સમાજસેવામાં ઉપયોગ. (૭) બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ૧૯૬૫માં વિદ્યાનગરની સ્થાપના સમયે કહેલ ભવિષ્યવાણીની આજે સત્યતા - આ છાત્રાલય દ્વારા ચૈતન્યમંદિરો તૈયાર થશે, કળિયુગમાં સતયુગ પ્રવર્તશે અને લાખો જીવોનાં કલ્યાણ થશે. શાસ્ત્રીજી મહારાજનો દાખડો ફળીભૂત થશે. યોગીજી મહારાજ યુગદૃષ્ટા સંતની વાણી સાકાર, ફળીભૂત - સ્વામી વિવેકાનંદ કેળવણી બાબત કહે છે આપણે એવી કેળવણીની ઝંખના કરીએ છીએ જેનાથી ચારિત્ર્યની દઢતા, માનસિક દઢતા, બૌધ શક્તિનો વિકાસ, યુવાનો પોતાના પગ ઉપર જગત સમક્ષ ઊભો રહેતાં શીખે. ખરેખર B.A P. S.ના યુવાનો જીવન ઘડતરની આ શાળામાંથી બહાર નીકળે છે ત્યારે આદર્શ યુવાનો તરીકે બહાર આવે છે અને ભવિષ્યમાં આવશે. - ઉપસંહાર.

❑ ❑ ❑